સરકારી ચોપડે કદી ન નોંધાયેલી વતન-પરસ્તીની દાસ્તાં...



પ્રકરણ-૧૦

# ઓપરેશન ગોલ્ડન ટ્રાયેંગલ

- પાર્થ નાણાવટી

''પી.એમ.ના રિપોર્ટસ આવે ત્યાં સુધીમાં મરનારના નામ સરનામાં, ક્રાઈમ બ્રાંચ ભેગા કરશે, આઈ નીડ ટોટલ બેકગ્રાઉન્ડ, એ લોકો છેલ્લા ચાર દિવસમાં ક્યાં હતા, એમણે શું ખાધું, પીધું, ક્યાં અને કોની સાથે સૂતા, એવરીથિંગ. આઈ.બી ગામમાં જઈને એમના સોર્સીઝ પાસેથી ઇન્ટેલ ભેગું કરશે, ફોક્સ ઓન પ્રોહિબિશન, યુઝર્સ, પ્લેયર્સ, સપ્લાયર્સ. મને શંકા છે કે લીકર આર્મી બેરેક્સમાંથી આવે છે. ટેઈક કેનાઈન યુનિટ ટુ ધ પ્લેસ ઓફ ઇન્સીડેંટ, સી ઇફ ડોગ્સ કેન સ્નીફ એનીથિંગ. મેથ લેબના સેમ્પલ ગાંધીનગર એફ.એસ.એલમાં લઈને એક વેહિકલ મોકલો, આઈ વીલ નીડ રિપોર્ટસ બાય ટુમોરો ઇવનિંગ. જો એ લોકો કોઈ બહાના કાઢે તો કોલ સંઘવી.'' અનુજા બોલતી ગઈ એમ જે તે માણસો એમને સોંપવામાં આવેલા કામ પ્રમાણે હરકતમાં આવી ગયા.

''એન્ડ યસ, નો ટોક વીથ મીડિયા, આઈ વીલ હેન્ડલ ઈટ.'' અનુજાએ ઉમેર્યું

કોર્ક-બોર્ડ મૃતકોના ડેડબોડીઝના હેડશોટસ પીન કરવામાં આવ્યા. વ્હાઈટ બોર્ડ પર અનુજા જે બોલી એ એના પી.એ પી.એસ.આઈ સંઘવીએ લખવા માંડ્યું.

પછી એને કઈ સૂઝ્યું હોય એમ એણે હાથ ઊંચો કરી અનુજાને પૂછ્યું.

''મેડમ, કોડ નેઈમ ફોર ધીસ ઓપરેશન?'' એના ચહેરા પર ઝીણું હાસ્ય હતું. અનુજાની દરેક મેજર ક્રાઈમ કેસને કોડનેમ આપવાની આદતથી એ પરિચિત હતો.

''ડેમ ઈટ, સંઘવી...તું બહુ શાણો છે, ઓકે ,લેટ મી થીંક..હમમ ઓકે. ઓપરેશન બ્રેકિંગ બેડ.'' અનુજાએ પોતાની વન ઓફ ધ ફેવરીટ ટી.વી સિરીઝના ટાઈટલનું નામ આપ્યું.

''બ્રેકિંગ બેડ ઈટ ઈઝ.'' કહીને સંઘવીએ વ્હાઈટ-બોર્ડ પર મોટા અક્ષરમાં ઓપરેશનનું નામ લખ્યું.

''નાવ લેટ્સ ફાઈન્ડ હાઈઝનબર્ગ.'' અનુજા હસી.

દારૂના અડ્ડાની બાજુમાં આવેલી ડ્રગ લેબનો પર્દાફાશ થયા બાદ અનુજાની સૂચનાથી ઇલીયાસ મચ્છીના ભાઈની તપાસ કરવા ગયેલા એસ.ઓ.જીના માણસો આવ્યા. એમણે સંઘવી સાથે ગુફતગુ કરી

''મેડમ, ઇલીયાસ મચ્છીનો ભાઈ અયુબ મીસિંગ છે. એસ.ઓ.જી એ એ લોકોના ઘરે તપાસ કરી. પણ એ લોકોને ખબર નથી.'' સંઘવીએ અનુજાને સંદેશો આપ્યો.

''હમમમ, વ્હોટ એલ્સ વી હેવ ઓન હીમ.'' અનુજાએ એસ.ઓ.જીના પી.એસ.આઈને પૂછ્યું.

''મેડમ, મોડી રાત છે, મહોલ્લામાં બધા સૂતા હોય,એટલે અમે લોકો એ થોડી સાવધાની વર્તી. માઈનોરિટી એરિયા છે. અફવાઓ ફેલાય અને વી વિલ હેવ અ રાયોટ ઓન અવર હેન્ડ.'' એસ.ઓ.જીનો પી.એસ.આઈ પણ સ્માર્ટ હતો.

''યુ ડીડ ધ રાઈટ થિંગ. બીજા મરનારાની ડીટેઈલ્સ?'' અનુજા બોલી.

''મેમ, ટુ અર્લી. સવાર પડે એટલે ગામમાં તપાસ કરીએ.'' સંઘવીએ કહ્યું.

''ઓકે, નાવ ઈટ અકર્સ ટુ મી, એસ.ઓ.જી પી.એસ.આઈની વાત સાચી છે. વી હેવ ટુ બી કેરફુલ, કોશીઅસ. સંઘવી એક કામ કરો. અમદાવાદ ખાતે આર.એ.એફ (રેપીડ એક્શન ફોર્સ)ની એક કંપનીને સ્ટેન્ડ બાય પર રહેવાની રિક્વેસ્ટ કરો. હું ડી.જી સર સાથે વાત કરું છું. રાજકોટ એસ.આર.પી હેડ ક્વાટર્સમાં પણ મેસેજ મોકલો સી, એ લોકો થોડા માણસો મોકલી શકે તો. અહીંના પોલીસ સ્ટેશનમાં ટિયરગેસ, અને લેટેસ્ટ બુલેટ્સનો સ્ટોકટેક કરો. રાયોટ ગીયર, હેલ્મેટસ. અને પોલીસવાળાઓને એકલ દોકલ રખડવાની મનાઈ ફરમાવો. અને સુરેન્દ્રનગર ટાઉન પી.આઈને એલર્ટ કરો'' અનુજાના મગજમાં વિચારોનું પૂર ઊમટેલું.

''અલ્સો, હાઇવે પેટ્રોલમાં કોણ છે, એ લોકોની ક્રૂ રોડ પર છે?'' અનુજાએ સંઘવીને પૂછ્યું.

''મેમ, પી.એસ.આઈ કોળી, આઈ થીંક આજે એ લોકોનો નાઈટ ઓફ છે. ગઈકાલે એ લોકો પેટ્રોલિંગમાં હતા.'' સંઘવીને કોળી સાથેની વાતચીત અને ત્યારબાદ પેટ્રોલપંપ પર બનેલો બનાવ યાદ આવ્યો.

''વેલ, જે હોય તે, ગેટ હીમ ઓન રોડ, છેક ધોલેરાથી લાકડીયા સુધીનો રસ્તો સ્કાઉટ કરો. અને રસ્તા પર આવેલી બધીજ હોટેલ્સ, પેટ્રોલપંપના લોકો સાથે વાત કરો. પૂછો કોઈ શંકાસ્પદ વેહિકલ કે બનાવ.'' અનુજાએ સૂચના આપી.

''કોપી મેડમ.'' કહીને સંઘવીએ પી.એસ.આઈ કોળીને ફોન લગાવ્યો. એને એજ વખતે વિચાર આવ્યો કે પેટ્રોલપંપવાળા બનાવનો ઉલ્લેખ કરે, પણ એ યોગ્ય મોકાની રાહમાં હતો.

*******

ઝાલાવાડ હેરાલ્ડનો માલિક કમ તંત્રી રશિયન રસિક પોતાના ગુજરી ગયેલા સસરાનું પડાવી લીધેલું એક્ટિવા લઈને, સલામત અંતરથી અનુજાના કોન્વોયનો પીછો કરતો કરતો છેક ગેસ્ટ હાઉસ સુધી આવી પહોચ્યો હતો.

પણ, ગેસ્ટહાઉસના ગેટ પર ઊભેલા એસ.આર.પી.ના જવાનો અને એમની પાતળી નેતરની સોટીઓ જોયા બાદ એણે ડી.એસ.પી મેમનો કન્ફરટિંગ અને જલદ સવાલોથી ભરપૂર ઈન્ટરવ્યૂ લેવાનું હાલ પૂરતું મુલતવી રાખ્યું. અને ગેસ્ટહાઉસની સામે આવેલા નાનકડા શોપિંગ સેન્ટરની ફૂટપાથ પર અડ્ડો જમાવ્યો.

એ.એસ.આઈ માંજરીયાએ આપેલી રિયાલીટી ચેક થેરાપી બાદ, સરકારી વકીલ તંબોળી પણ કાલે સવારે સૂરજ ઊગતાની સાથેજ એને ફાંસી આપવાની હોય એવો શાંત થઇ ગયેલો. એના પર નજર રાખતા એક કોન્સ્ટેબલને એ વારંવાર એને અહીંથી જવા દેવાની વિનંતીઓ કરતો હતો.

''એ સાયેબ, મોટા ભાઈ, પ્લીઝ, પેલા સાયેબને વાત કરોને, હું અબઘડી ખટારો કે જે સાધન મળે એ પકડી મોરબી જતો રઈસ. ભૈસાબ પાણી મૂકું જો આયા પગ મૂકું તો. હું કોઈને કઈ નઈ કઉ, માતાજીના સમ.'' એણે કાકલૂદી ચાલુ રાખી.

''હવે જો ડાઈનો થ્યો, તો પાછો ઠમઠોરીસ. છાનોમુનો બેઠો રે, હમણે ગાડી આવે એટલે તારી જાન ચોકીએ લઇ જાશું.'' ભયંકર ઊંઘ આવતી હોવાને કારણે કોન્સ્ટેબલ પણ 'અન-સેટલ્ડ' હતો.

એ બન્ને જણા પર રશિયન રસિકની નજર પડી, એને પોતાના ખટપટિયા સ્વભાવને કારણે તરત યાદ આવ્યું.

અરે, આ તો પેલો સરકારી વકીલ. કોર્ટમાં દર પંદર દિવસે હોય છે એ.

પણ, એ સાલો ત્યાં કેવી રીતે?

માળા બેટા, એને ખબર હશે કે અંદર શું ખેલ ચાલે છે.

રસિકના અડધા ચાલતા મગજમાં કુશંકાઓની ઘાણી ચાલતી હતી. અને ત્યાં એની નજર વારંવાર બગડી જતી મોટરસાઈકલ ઘસડીને આવતા કેરટેકરના છોકરા પર પડી.

''એલા, જીજ્ઞેશ, તારે શું થ્યું. બાઈક બગડી ગયું? તું ઓલા ગેસ્ટહાઉસવાળા ઠાકર ભાઈનો બાબો ને?'' રસિકે પેલાને રોક્યો.

''એ ભાઈ, તમે જાવા દ્યો ને, ને મારું નામ જીજ્ઞેશ નથી, જતીન સે.'' જતીન પણ અડધો ઊંઘમાં હોવાને કારણે 'અન-સેટલ્ડ' હતો.

હા, હા બરોબર જતીન, હવે યાદ આવ્યું, તું ટી.વાયની પરીક્ષામાં ચોરી કરતાં પકડાયેલો અને પછી કાપલીઉં ગળી ગ્યો'તો તે દવાખાને દાખલ કરેલો ઈજ ને. 'તારા'તો વિવા પણ તૂટી ગ્યા'તા ને, હવે પકડાયું. બરોબર રસિકે થાકેલા જતીનના માંડ રુઝાયેલા ઘાવમાં સળિયો ઘોંચ્યો.

એ, તારે શું એમાં. તું ઓલો છાપાવાળો લાગશ, રશિયન રસિક, તું ભાઈ મોસ્કો ભેગીનો થઇ જા, નીતર કોક ઉડાડી દેશે. ને મારા વીવા નક્કી થાવાની તૈયારી છે. જતીનેય સામી ઠપકારી.

રશિયન સાંભળતાજ રસિકે જતીનને એક ઝાપટ ફટકારી અને બેય જણા રસ્તા પર મારામારી કરવા માંડ્યા. ગેટ પરના એસ.આર.પીના માણસોએ વચ્ચે પડીને બન્નેને છોડાવ્યા અને પકડીને ગેસ્ટહાઉસમાં લઇ આવ્યા રસિકને એજ જોઈતું હતું. એનો પ્લાન સફળ થઇ ગયો.

*******

૩જી જુલાઈ ૨૦૧૭, ધ્રાંગધ્રા, વહેલી સવાર.

ધ્રાંગધ્રાના પુંપુંપું થઇ રહેલા સરકારી ગેસ્ટ હાઉસની બહાર રસ્તા પર મોડી રાતે છુટ્ટા હાથની મારામારી કરી રહેલા, ઝાલાવાડ હેરાલ્ડ નામનાં છાપાના તંત્રી અને સરકારી ગેસ્ટ હાઉસના કેર ટેકરના છોકરાને, ગેસ્ટ હાઉસના ગેટ પર તેનાત એસ.આર.પીના જવાનોએ છોડાવ્યા, ને પછી બન્નેને કાઠલા પકડીને ગેસ્ટહાઉસમાં લવાયા અને પેલા સરકારી વકીલની જોડે બેસાડ્યા.

''એ સર, હું તો આ ગેસ્ટહાઉસવાળા ભાઈનો સન છું. મને મારા પપ્પાએ તમારા લોકો માટે ચા-પાણીનો સમાન લેવા મોકલેલો.'' કોરોનરીની ભ્રમણાથી પીડાતા કેરટેકર ઠાકરનો દીકરો બોલ્યો.

''તો, ક્યાં છે, ચા-પાણી?'' એસ.આર.પીના જવાને દાંતિયું કર્યું.

''સર, દુકાન થોડી ખુલ્લી હોય, મેં બૌ ટ્રાઈ મારી પણ ઓલાએ ઘરનો દરવાજો ખોલ્યો જ નઈ ને.'' બીનઅનુભવી જતીને બયાન આપ્યું.

''ભાઈ, તને ટ્રાઇ મારતાં પણ નથી આવડતું. તું ટ્રાયલ મારે રાખ.'' રસિકે લાગ જોઇને સળી કરી.

''સાહેબ, ઊભા રો હું કરાવું ચા-પાણીની વ્યવસ્થા.'' કહીને રસિકે ફોન ઘુમાવ્યો.

''એ, મનોજ..હા, કામ પડતું મૂક ને અબ-ઘડી ચાની કીટલી આખી ભરીને સરકારી ગેસ્ટ-હાઉસ પર આવ. સાહેબોની સરભરા કરવાની છે. હા, હા. અને સાંભળ મારા ટેબલના ઉપરથી બીજા ખાનામાં પારલેનું પાકીટ છે, ઈ પણ લેતો આવજે.'' રસિકે પોતાના ઘરની ઉપરના માળે ચાલતા ઝાલાવાડ હેરાલ્ડમાં પોતાના માણસને ફોન કર્યો.

''આવી જાય, પાંચ મિનિટમાં ત્યાં લગી તમે આ સળગાવો.'' પોતે બીડી પીતો, પણ સરભરા માટે સિગરેટ રાખતા રસિકે એસ.આર.પી વાળા માટે સળગાવી.

''તે તમે છો કોણ?'' એસ.આર.પીવાળાએ સુટ્ટો મારતા રસિકને પૂછ્યું,

''સાયેબ, હું વેપારી માણસ છું. આ વરસાદમાં વાહન બગડ્યું તે રસ્તામાં જોતો'તો, ત્યાં નંગ મારી મજાક કરવા માંડ્યો.'' રસિકે ધીમા અવાજે, ઠાકર પુત્ર સાંભળે નહીં એમ કહ્યું.

''એ, એ, પેલો માંજરીયા આવતો લાગે છે. બેસાડ આને.'' એસ.આર.પીના બીજા જવાને ઈશારો કરતા કહ્યું.

એટલે, રસિક ફટાફટ તંબોળીની બાજુમાં બેસી ગયો. અને હળવેથી તંબોળીને પોતાનું વિઝિટિંગ કાર્ડ સરકાવ્યું. પણ તંબોળીએ એ લેવાનો ઇનકાર કરી દીધો.

માંજરીયા આવ્યો અને એને એસ.આર.પીના જવાનોને ઉદેશીને કહ્યું.

''અરે, એક હતો ને હવે ત્રણ?''

''સાયેબ હું ગેસ્ટ હાઉસવાળા ભાઈનો બાબો, આ લુખ્ખો મને મારતો તો.'' જતીન રડતા બોલ્યો.

''સારું તું ઘર ભેગીનો થા. બાકીના બેયને તાલુકા લોકઅપમાં મોકલો. ગાડી હમણાં આવતી હશે.'' કહીને માંજરીયા નીકળી ગયો.

રસિક હવે સલવાયો. ન લેવા, ન દેવા અને લોકઅપમાં રાત. એણે રિસ્ક એસેસમેન્ટ કરીને ચાન્સ લીધો.

''સર, એક્ચ્યુલી આઈ એમ ફ્રોમ પ્રેસ. રજિસ્ટરડ જર્નાલિસ્ટ વીથ પી.ટી.આઈ. રસિકે માંજરીયાને ઉદેશી કહ્યું.

''ઓ તારી, તું ક્યાંથી અહીં ઘુસ્યો.'' કહીને માંજરીયાએ રસિકને એક ઠોકી.

''સર, ભૂલ થઇ ગઈ, પણ હું નીકળું છું, પ્લીઝ સર જવાદો.'' રસિકે કાલાવાલા કર્યા.

''ચલ રવાના પડ. અને ફરીથી દેખાયો તો વીણી લઈશ.'' માંજરીયા પણ હવે થાક્યો હતો.

રસિકે કોઈની સામું જોયા વિના ચલતી પકડી. એણે જોયું તો એનો માણસ નામે મનોજ દરવાજા પાસે ચાની કીટલી લઈને ઊભો હતો.

''એ હાલ, ઘર ભેગીનો થા.'' રસિકે મનોજને કહ્યું.

*******

અનુજા બે દિવસ પહેલાજ રજા પરથી પાછી ફરેલી, એ પૂના પેરેન્ટ્સને મળવા ગયેલી. લાંબી મુસાફરીનો થાક અને હવે આ ઉજાગરો. કાલનો દિવસ પણ બિઝી હશે. ડી.જી ફોન કરશે. કદાચ ડી.આઈ.જી પણ આવે. પ્રેસ કોન્ફરન્સ અને ઈન્વેસ્ટિગેશન. એને પોતાની ટીમની પણ દયા આવી. અંતે, મોડી રાતે એણે કામ બંધ કરાવ્યું.

''ઓકે, ગાયઝ. લેટ્સ સ્ટોપ. સૌ થોડો આરામ કરી લો. લેટ્સ ટેક બ્રેક. સવારના સાત વાગે ફરીથી અહીં મળીશું.'' એ બોલી.

પછી એ પોતાના કમરામાં જતી રહી. અને એના ગયા બાદ જે કોઈને જ્યાં જગ્યા મળી ત્યાં લંબાવ્યું.

અને રોકાઈ ગયેલો વરસાદ ફરીથી તૂટી પડ્યો. (ક્રમશઃ)■